ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૬૫/૨૦૨૪, તા.૨૯/૦૪/૨૦૨૪

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૨/૦૪/૨૦૨૪ થી તા.૨૮/૦૪/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષકશ્રી તથા પોરબંદર પોલીસ અધિક્ષકશ્રી દ્વારા ગુમ થયેલ સ્ત્રી/બાળકો શોધી કાઢવા ખાસ સુચના આપેલ જે સુચના અને માર્ગદર્શન અનુસંધાને ઈ/ચા પોરબંદર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જે.ચૌધરી સાહેબના માર્ગદર્શન/સુચના મુજબ ગઈ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ સર્વલન્સ સ્કવોડના પો.હેડ કોન્સ. એસ.વી.પઠાણ તથા પો.કોન્સ. ભુપેન્દ્રસિંહ ઝાલા સાગર કવચ બદોબસ્ત સબબ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા દરમ્યાન રાત્રીના ક.૦૨/૦૦ વાગ્યાના સમયે પોરબંદર સુદામા ચોકમાં એક રીક્ષાવાળાને એક મુકબધિર બાળક મળેલ જે અંગેની જાણ એસ.વી.પઠાણને ટેલીફોનથી કરતા એસ.વી.પઠાણ તથા ભુપેન્દ્રસિંહ ઝાલા નાઓએ સ્થળ પર જઈ ખરાઈ કરતા તે બાળક પોતે બોલી શકતો ન હોય જેથી તેને કિર્તીમંદિર પોલીસ સ્ટેશને લાવી તેની પુછપરછ કરતા તે લખી શકતો હોય અને પોતાનુ નામ- અરવિંદ ધર્મવીરસિંહ જાટબ, ઉ.વ.૧૪ રહે. બરકોલી ગામ, તાલુકો-ઉચેન જી.ભરતપુર રાજ્ય-રાજસ્થાન વાળો હોવાનુ અને પોતે ટ્રેનમાં બેસી અહી પોરબંદર આવી ગયેલાનુ જણાવેલ હોય અને તેના પિતાના મોબાઈલ નંબર ૯૫૦૯૫૩૪૯૫૩ એક ચીઠ્ઠીમાં લખી આપતા તેના પિતાનો કોન્ટેક કરી બાળકનો ફોટો વોટ્સઅપ દ્વારા તેના પિતાજીને મોકલી ખરાઈ કરેલ અને આજરોજ મુકબધિર બાળક અરવિંદના પિતા ધર્મવીરસિંહ ધુરી જાટબ, ઉ.વ.૩૬ રહે.બરકોલી ગામ, તાલુકો-ઉચેન જી.ભરતપુર રાજ્ય-રાજસ્થાન વાળાઓ કિર્તીમંદિર પોલીસ સ્ટેશનમાં આવતા અરવિંદને બતાવતા એક બીજાને ઓળખી ગયેલ હોય જેથી તેના પિતા પાસેથી જરૂરી ઓળખ અંગેના ડોક્યુમેન્ટ મેળવી તેના પિતા સાથે મુકબધિર બાળકનો મિલાપ કરાવી સોંપી આપેલ હોય જેથી ધર્મવીરસિંહ ધુરી તથા તેના પરીવારના સભ્યોએ પોરબંદર પોલીસનો ખુબજ આભાર માનેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા તા.૨૭/૦૪/૨૦૨૪ ના રોજ જવાહર નવોદય વિદ્યાલયમાં અભ્યાસ કરતા એસ.પી.સી.ના બાળકોને પરેડ કરાવવામાં આવેલ તેમજ જુદી-જુદી કવાયતો કરાવવામાં આવેલ. તેમજ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય**

કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.પાર્ટ એ.૧૧૨૧૮૦૦૬૨૪૦૨૫૩/૨૪ IPC ક.૩૭૯ A ૩ ફરીયાદી રવિભાઇ અશોકભાઇ નેભનાણી ઉ.વ.૩૭,ધંધો-વેપાર,રહે.SP ઓફીસની પાછળ પોરબંદર મો.નં.૮૧૬૦૮૮૪૯૪૫ વાળાનો Redmi 10 મોડલનો ચાલુ હાલતનો મોબાઇલ ફોન IMEI નં.૮૬૧૫૬૮૦૬૭૩૫૬૩૯૮ તથા ૮૬૧૫૬૮૦૬૭૩૫૬૪૦૬ નો કિ.રૂ.૧૪૦૦૦-/નો ફરી.ના હાથમાંથી ઝુંટવીને ચોરી કરી લઇ જઇ કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જે.ચોધરી સાહેબના મારગદર્શન/સુચના મુજબ ડી-સ્ટાફના માણસો પો.સ્ટે .વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પો.કોન્સ .હોથીભાઈ અરજણભાઈને બાતમીરાહે હકીકત મળેલ કે, કીર્તિમંદિર પો.સ્ટે.પાર્ટ-એ ગુ.ર.નં. ૨૫૩/૨૦૨૪ I.P.C. કલમ-૩૭૯)એ)(૩ (મુજબનો ગુન્હો તા.૨૩/૦૪/૨૦૨૪ રજી થયેલ હોય અને ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ વર્ણનવાળા આરોપી બાબતે હકીકત મળતા તુરત જ એક ટીમ બનાવી, લીમડા ચોક શાક માર્કેટ પાછળ વોચમાં હતા તે દરમ્યાન હકીકત વાળો ઈસમ નિકળતા જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતાનુ નામ મંગલ મનીલાલ ચૌહાણ, જાતે-બાવરી, ઉ.વ.૨૧ ધંધો-મજુરી રહે .કર્લીના પુલ પાસે ખાડી કાઠે પોરબંદર મુળ -ખારી ગામ, બાવરીવાસ સ્કુલની બાજુમાં, તા.હાપા જી.જામનગરવાળો હોવાનું જણાવેલ અને તેની અંગ ઝડતી કરતા રેડમી-૧૦ મોબાઇલ મળેલ જે મોબાઈલના બીલ બાબતે પુછપરછ કરતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ અને સદરહું મોબાઈલ પોતે ગઈ કાલ મીરા શોપિંગ સેન્ટર પાસેથી અજાણ્યા માણસનો ચોરી કરી ઝુંટવી લીધેલાની કબુલાત આપતા ઉપરોક્ત મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરી મજકુર આરોપી મંગલ મનીલાલ ચૌહાણને આજરોજ તા.૨૪/૦૪/૨૦૨૪ ના ક.૧૮/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી:-**

તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી. તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૨૪/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર/ ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા મહિલા પોલીસ સ્ટેશન પોરબંદર શી ટીમ દ્વારા સુદામા મંદિરમાં આવેલ બહેનોને મહિલા સુરક્ષા તથા મહિલા હેલ્પ લાઇન 181/100 વિષે ની સુચના આપવામાં આવી.તા.૨૬/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા સ્કુલ/કોલેજ/તેમજ વાડી પ્લોટ /ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી, તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.તા.૨૭/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી.તા.૨૮/૦૪/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા

સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

તા.૨૬/૦૪/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પોલીસ સ્ટેશનના અધિકારી/સ્ટાફ દ્વારા સુભાષનગર એફ.એલ.સી. ખાતે ફીશરમેન વોચગૃપના સભ્યો તથા એફ.એલ.સી ખાતે હાજર બોટ/પીલાણાના માલીકો માચ્છીમારો ટોડરમલ ખલાસીઓને દરીયામાં મચ્છીમારી કરતી વખતે કોઈપણ શંકાસ્પદ બોટ કે વ્યક્તિ જણાય આવે તો પોલીસ તેમજ ઈમરજન્સી નં.૧૦૯૨, ૧૦૫૪ તથા વાયરલેસની ચેનલ ઉપર સંપર્ક કરી તેમજ બોટના માલીક આગેવાનોને તરજ જાણ કરવા અને દેશદ્રોહની કે વિરૂધ્ધની કોઈ પ્રવૃતિમાં આર્થીક લાલચમાં આવી કોઈ એવી પ્રવૃતિઓમાં નહી સંડોવવા તેમજ દરીયામાં ગૃપમાં માચ્છીમારી કરવા અને તેમજ જરૂરી અન્ય તમામ મુદ્દાઓની ચર્ચા કરી સમજ કરવામાં આવેલ.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર